### ભુમાફિયાઓ દ્વારા ગેરકાયદે પ્લોટીંગ કરી દસ્તાવેજ પ્રક્રિયા કરતા પ્રાંત અધિકારીને રજુઆત

## દેવગઢ બારીયાના 64 પ્લોટ વિવાદમાં!

(પ્રતિનિધિ) ગોધરા તા.15 દેવગઢબારીયા શહેર માં પાચ સાત વર્ષ પહેલા સીટી સર્વે ની જમીન માં ગેરકાયદેસર દબાણ કરી 64 જેટલી દુકાનો નું શોપિંગ સેન્ટર બનાવી કેટલીક દુકાનો નું વેચાણ પણ થઈ ગયું જે મામલો હાલમાં હાઈકોર્ટ માં છે ત્યારે હવે આવું એક બીજું જમીન કૌભાંડ ફરીથી પણ પ્રકાશ માં આવ્યું છે.

દેવગઢબારીયા શહેર ના એક જાગૃત નાગરિક અને આરટીઆઈ એક્ટિવિષ્ટ સઁજય જવાહર પરમારે દેવગઢબારીયા પ્રાંત અધિકારી ને દેવગઢ બારિયા ખાતે સ્ટેશન શેરી, વ્હોરા મસ્જિદ પાછળ આવેલ "ધી હવેલી ફોરેસ્ટ કો-ઓપરેટીવ લેધર એન્ડ આર્ટીજન્સ સોસાયટી લિમિટેડ, બારિયા" આ સહકારી મંડળી માં હાલના પ્રમુખ અગાઉ સોસાયટીમાં કર્મચારી તરીકે કાર્યરત હતા. આવા સંજોગોમાં તેઓ સોસાયટીના પ્રમુખ કઈ રીતે બન્યા તે ખાસ તપાસનો વિષય છે.અને આ વ્યક્તિ દ્વારા સોસાયટીની કરોડો રૂપિયાની કિંમતી જમીન ભૂ-માફિયાઓ ને ફક્ત રૂ. 49,000/- માં નજીવી કિંમત માં વેચી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવેલ હોવાનું જણાયછે. જયારે આ સોસાયટીની બાજુમાં આવેલ સરકારી પડતર જમીન, સર્વે નં. 152/2, જે હાલ પણ સરકાર હકકની જમીન તરીકે હેડે બોલે છે, તે જમીન ઉપર પણ ગેરકાયદેસર રીતે 64 પ્લોટ પાડી ભૂ-માફિયાઓને વેચાણ કરવામાં આવેલ હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં કરોડો રૂપિયાનું આર્થિક કૌભાંડ થયેલ હોવાનું જણાય છે.આ બાબતમાં સ્થળ તપાસ કર્યા વગર જ સંબંધિત દસ્તાવેજોની નોંધણી રજીસ્ટ્રાર કચેરી દ્વારા કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે ગંભીર બેદરકારી તથા શંકાસ્પદ કામગીરી દર્શાવે છે.સર્વે નં. 152/2 ની તાત્કાલિક સ્થળ માપણી તથા વાસ્તવિક માલિકીની ખરાઈ કરવામાં આવે.

સ્થળ માપણી અહેવાલ આવ્યા બાદ જો સરકારી જમીન ઉપર ખોટો માલિકી હક પુરવાર થાય તોઃ દસ્તાવેજ લખી આપનાર,દસ્તાવેજ લખાવી લેનાર,સંબંધિત ભૂ-માફિયા વ્યક્તિઓ, તેમજ નોંધણી કરનાર રજીસ્ટ્રારશ્રી વિરુદ્ધ કાયદેસર ફરિયાદ દાખલ કરી જરૂરી ફોજદારી કાર્યવાહી કરવામાં આવે અને ગેરકાયદેસર રીતે થયેલ દસ્તાવેજો રદ કરી સરકારી પડતર જમીન સરકાર હસ્તક પરત લેવામાં આવે તે માટે લેખિત માં પ્રાંત અધિકારીને રજુઆત કરવામાં આવી છે

જયારે નગરપાલિકા દેવગઢ બારિયા દ્વારા સ્થળ તપાસ કર્યા વગર તથા રાજકીય દબાણમાં આવી સર્વે નં. 152/2 ઉપરના 64 પ્લોટ માટે આપવામાં આવેલ બાંધકામની મંજૂરીની પણ તપાસ કરવામાં આવે. સ્થળ માપણી તથા તપાસ અહેવાલ ન આવે ત્યાં સુધી તમામ બાંધકામ મંજૂરીઓ અને વિકાસ કામગીરી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે તેવી પણ અરજી માં માંગ કરવામાં આવી છે દેવગઢબારીયા પ્રાંત અધિકારી લેખિત અરજી અન્વયે સાચી દિશામાં તપાસ કરી સરકારી જમીન ફરીથી યથાવત કરવામાં આવે તે જરૂરી છે

### જેસાવાડા પોલીસે કરી ધરપકડ

## વોટ ન આપવા મુદ્દે AAPના પૂર્વ ઉમેદવારનું ત્રણ રાઉન્ડ ફાયરિંગ



(પ્રતિનિધિ) ગોધરા તા.15 દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં ચૂંટણીના મનદુઃખને લઈને હિંસક ઘટના સામે આવી છે. નઢેલાવ જિલ્લા પંચાયત બેઠક પરથી આમ આદમી પાર્ટી (AAP)ના પૂર્વ ઉમેદવાર શૈલેષ નારુભાઈ ભાભોરે એક ગ્રામજન પર હુમલો કરી હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, શૈલેષ ભાભોર નઢેલાવ ગામમાં રહેતા મેમર ધારજીભાઈ ભાભોરના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે જૂની અદાવત રાખી "તમોએ મને વોટ કેમ આપ્યા નહીં?" કહી બોલાચાલી શરૂ કરી હતી. વાત વધતા ઉશ્કેરાયેલા શૈલેષે મેમરભાઈને બિભત્સ ગાળો આપી લાતો અને ઝાપટા મારી શારીરિક હુમલો કર્યો હતો.આ દરમિયાન "આજે તો તને પતાવી જ દેવાનો છું" તેવી ધમકી આપતા મેમરભાઈ પોતાનો જીવ બચાવવા માટે ત્યાંથી ભાગ્યા હતા. ત્યારબાદ શૈલેષ ભાભોરે પોતાની પાસે રહેલા હથિયારમાંથી હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. પરિવારના અન્ય સભ્યો દોડી આવતા હુમલાખોર શૈલેષ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.ઘટના બાદ ભોગ બનનાર પરિવારે તાત્કાલિક જેસાવાડા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે મામલાની ગંભીરતા સમજી મેમરભાઈની ફરિયાદના આધારે શૈલેષ ભાભોર વિરુદ્ધ ગુનો નોંધી ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે આરોપી શૈલેષ ભાભોરની અટકાયત કરી લીધી છે. ફાયરિંગમાં વપરાયેલા હથિયાર તેમજ તેના લાયસન્સ અંગે પણ વધુ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### પરસેવો કે ગભરામણ જેવા લક્ષણો દેખાય તો તુરંત નિદાન કરાવો

## દાહોદમાં ગરમીનો પારો 44 ડિગ્રીએ પહોંચતા તંત્ર એલર્ટ

( પ્રતિનિધિ ) દાહોદ,તા.15 સમગ્ર રાજ્ય સાથે દાહોદ જિલ્લામાં પણ હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. તાપમાનનો પારો ૪૩ થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જતાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. ગરમીના આ આકરા મૂડને ધ્યાનમાં રાખીને દાહોદ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવતે જિલ્લાના નાગરિકો માટે એક ખાસ વીડિયો સંદેશ જાહેર કરીને હીટ વેવથી બચવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે.બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળો ડૉ.ઉદય ટીલાવતે જણાવ્યું હતું કે, જ્યારે તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર જાય છે ત્યારે તે શરીરને કોઈપણ સ્વરૂપે નુકસાન પહોંચાડી શકે છે. હાલમાં ગરમી ૪૪ ડિગ્રી જેટલી આકરી હોવાથી, જો કોઈ અગત્યનું કામ ન હોય તો બપોરે ૧૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા દરમિયાન બહાર જવાનું કે મુસાફરી કરવાનું બને ત્યાં સુધી ટાળવું જોઈએ. તેમજ ઘરેલું અને સરળ ઉપાયો સૂચવવામાં આવ્યા છે.બહાર નીકળતી વખતે ORS (ઓઆરએસ) નું પેકેટ સાથે રાખવું અને તેને ૧ લીટર પાણીમાં ઓગાળીને પીતા રહેવું.ઓછી ખાંડ અને ઓછા મીઠા વાળું લીંબુ શરબત, મોળી છાશ તેમજ સવારથી બપોર સુધીના સમયમાં નાળિયેર પાણીનું સેવન કરવું હિતાવહ છે.શરીરમાં પાણીની કમી ન થાય તે માટે તરબૂચ અને સક્કરટેટી જેવા પાણીથી ભરપૂર ફળો ખાવાનો આગ્રહ રાખવો. ખોરાકમાં વધુ પડતો તીખો, તળેલો કે મસાલેદાર ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. ગરમીમાં હંમેશા સફેદ અથવા એકદમ લાઈટ કલરના સુતરાઉ (કોટન) કપડાં પહેરવા. માથા પર સુતરાઉ ટોપી કે રૂમાલ બાંધવો. જો ગરમીના કારણે ચક્કર આવવા, માથું ભારે લાગવું, સતત ઉલટી થવી, લો-બીપી થવું, અતિશય પરસેવો થવો કે ગભરામણ જેવા લક્ષણો દેખાય,તો તેને હળવાશથી ન લેવા.આવા કિસ્સામાં તાત્કાલિક ૧૦૮ નો સંપર્ક કરવો અથવા નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે પહોંચી જવુ.

### હાલોલમાં કંઠીધારી વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉમટ્યા

## વાગીશકુમારજી મહારાજના ષષ્ઠી પૂર્તિ મહોત્સવની ઉજવણી



( પ્રતિનિધિ ) હાલોલ,તા.15 હાલોલ નગર ના બસ સ્ટેન્ડ સામે આવેલ દ્વારકાધીશ હવેલી ખાતે તૃતીય ગૃહાધીશ કાંકરોલી નરેશ પૂ.પ. ગોસ્વામી ૧૦૮ શ્રીવાગીશકુમારજી મહારાજશ્રી ના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ અંતર્ગત આજે શુક્રવાર ના રોજ નગર ની મધ્ય માં મંદિર ફળીયા ખાતે આવેલ શ્રી છગન મગન લાલજી મંદિર ખાતે સવારે ૭.૩૦ કલાકે બ્રહ્મસંબંધ દીક્ષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહારાજશ્રી દ્વારા ૮૫ વૈષ્ણવોને અષ્ટક્ષર મંત્ર આપી બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવી હતી. ત્યારબાદ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી ઠાકોરજીના કુનવારો મનોરથ ના દર્શન ખુલ્લા મૂકવામાં આવતા વૈષ્ણવો દર્શન કરી ધણી બન્યા હતા. જ્યારે સાજે ૫.૩૦ કલાકે શ્રી દ્વારકાધીશ હવેલી ખાતે પૂ.પ.ગો. શ્રીવાગીશકુમારજી મહારાજશ્રી ના ષષ્ઠી પૂર્તિ ને લઇ તેમનો અભિવાદન સમારોહ યોજાયો હતો,

### પીપલોદ ગ્રામ પંચાયત વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના નામે મિંડુ

## પીપલોદના કબ્રસ્તાન વિસ્તારમાં ભરઉનાળે પીવાના પાણીનો કકળાટ



( પ્રતિનિધિ ) દેવગઢ બારીયા,તા.15 પીપલોદ ગ્રામ પંચાયતમાં પાણી સંકટથી લોકોમાં રોષ બારીયા રોડ કબ્રસ્તાન વિસ્તારમાં મહિલાઓનો આક્રોશ, તાળાબંધી અને રોડ રોકોની ચીમકી દેવગઢબારિયા તાલુકાની ચર્ચાસ્પદ અને વારંવાર વિવાદમાં રહેતી પીપલોદ ગ્રામ પંચાયત ફરી એકવાર પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નોને લઈને ચર્ચામાં આવી છે. પીપલોદના બારીયા રોડ કબ્રસ્તાન વિસ્તારમાં ભર ઉનાળામાં પીવાના તેમજ વપરાશના પાણીની ગંભીર અછત સર્જાતા સાથે પીપલોદ ગામના ગોવિંદા તળાવમાં યોજનાથી તળાવ ભરવાની વાતો અને નલ સેજલ માત્ર કાગળ પર જ આખી યોજના માત્ર કાગળ પર જ પૂરી કરી છે તેવી લોકોની ચર્ચા અને આક્ષેપ આ બાબતો થી પણ સ્થાનિક લોકો ભારે રોસ અને હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને મહિલાઓ અને નાના બાળકો પાણી માટે કલાકો સુધી રાહ જોતા હોય અને પાણી જ ના આવે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ ગ્રામ પંચાયતના વહીવટદાર તલાટી, સરપંચ અને સભ્યોને અનેકવાર રજૂઆત કરવા છતાં પ્રશ્નનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. રજૂઆતો બાદ પણ અસંતોષકારક જવાબ મળતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. વિસ્તારના લોકોનો આક્ષેપ છે કે વર્ષોથી ગટર લાઈન, પાણી, સફાઈ અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ અનિયમિત રીતે મળતી રહી છે, જેના કારણે સામાન્ય પ્રજાને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

### એમજીવીસીએલ તંત્ર ઘોર નિંદ્રામાં : નવો થાંભલો ઊભો કરવા ગ્રામજનોની માંગ

## ગોધરાના વિંઝોલ ગામમાં તૂટેલો વીજ પોલ જીવલેણ અકસ્માત નોતરે તેવી દહેશત



(પ્રતિનિધિ) ગોધરા તા.15 પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વિંઝોલ ગામની મધ્યમાં જાહેર માર્ગ પર આવેલો એક વીજ પોલ છેલ્લા એક સપ્તાહથી તૂટેલી હાલતમાં લટકી રહ્યો છે. વાહનની અડફેટે ચડ્યા બાદ નીચેથી સંપૂર્ણપણે તૂટી ગયેલો આ થાંભલો માત્ર થાંભલાના તાર સહારે ઊભો હોવાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે મોટું જોખમ બની ગયો છે. ગમે ત્યારે આ થાંભલો ધરાશાયી થઈને મોટી જાનહાનિ સર્જી શકે તેવી દહેશત લોકોમાં સેવાઈ રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા એક અઠવાડિયાથી આ વીજ પોલ અકસ્માતનો ભોગ બન્યા બાદ અત્યંત બિસ્માર અને જોખમી સ્થિતિમાં છે. થાંભલાનો જમીન સાથે જોડાયેલો નીચેનો ભાગ સાવ તૂટી ગયો છે અને તે માત્ર થાભલાના સામાન્ય તારના જોરે અટકેલો છે. મુખ્ય માર્ગ હોવાથી અહીંથી સતત વાહનો અને રાહદારીઓની અવરજવર રહે છે. જો સામાન્ય પવન ફૂંકાય કે અન્ય કોઈ વાહન ભૂલથી પણ આ થાંભલાને સ્પર્શે તો તે તાત્કાલિક નીચે પડી શકે છે. આવી સ્થિતિમાં વીજળીનો પ્રવાહ ચાલુ હોવાથી જીવલેણ ઈજાઓ થવાની કે કરંટ લાગવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે.જે એક મોટી હોનારત સર્જી શકે છે. હાલમાં જ્યારે ચોમાસા પૂર્વે એમ.જી.વી.સી.એલના કાંકણપુર પેટા વિભાગ દ્વારા પ્રિ-મોનસૂન કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે ત્યારે તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે. નિયમ મુજબ તંત્ર દ્વારા અલગ અલગ સ્થળોએ જઈને વીજ લાઈનોની ખામીઓ દૂર કરવાની, ડાળીઓ કાપવાની અને નમી ગયેલા કે નબળા થાંભલાઓ સીધા કરવાની કામગીરી કરવાની હોય છે. તેમ છતાં, ગામના મુખ્ય માર્ગ પર જ છેલ્લા એક સપ્તાહથી આટલો જોખમી પોલ લટકી રહ્યો હોવા છતાં તંત્ર કેમ અજાણ છે તે એક મોટો પ્રશ્ન છે. કોઈ નિર્દોષનો ભોગ લેવાય તે પહેલાં એમ.જી.વી.સી.એલ.ની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી જઈને આ તૂટેલા વીજ પોલને હટાવી તેને સ્થાને નવો થાંભલો ઊભો કરે તેવી લોકો દ્વારા માંગ કરાઈ છે.

## ગોવિંદ ગુરુ લીમડીમાં લો વોલ્ટેજની સમસ્યાથી લોકો ત્રસ્ત

(પ્રતિનિધિ) દાહોદ તા.15 લીમડીમાં ભર ઉનાળાની સિઝન મા એક તરફ 40 ડિગ્રી ઉપર તાપમાન રહેતું હોય અને તેવા જ સમયે લો,વોલ્ટેજની મોટી સમસ્યા ને લઈ નગરજનો ભારે પરેશાન લીમડી નગરના અનેક વિસ્તારોમાં એક તરફ કાળઝાળ ગરમી મા અચાનક લો વોલ્ટેજ આવતા ઘરેલું વીજ ઉપકરણોને નુકસાન થવાની ભીતી ઉભી થઈ છે મહાદેવ મંદિર રોડ,મેરવત ફળિયા, કારટ રોડ તથા નગરનાં અન્ય વિસ્તારોમાં લો વોલ્ટેજ ફ્યૂઝ તથા ડીપી ની સમસ્યા કાયમી રહેતા લોકોમાં રોષ છે.લીમડી નગરજનો દ્વારા એમ જી વી સી એલ પાસે તાત્કાલિક ઉકેલ લાવવાની માગ કરવામાં આવી રહી છે નહીં તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી અપાઇ છે.

### મસવાડ ગામની વ્યાજબી ભાવની દુકાન સંચાલકને રૂા.1.84 લાખનો દંડ

## ગંભીર ગેરરીતિ બદલ વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો રદ

(પ્રતિનિધિ) હાલોલ તા.15 પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી ડૉ. ભાર્ગવ ડાંગરના માર્ગદર્શન હેઠળ હાલોલ તાલુકાની પુરવઠા ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના અંતે મસવાડ ગામની એક વ્યાજબી ભાવની દુકાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી છે. જય જલારામ મિશન સ્વસહાય જૂથ દ્વારા સંચાલિત આ દુકાનનો પરવાનો કાયમી ધોરણે રદ કરી રૂા. ૧,૮૩,૯૫૭/- નો દંડ ફટકારવામાં આવ્યો છે. પુરવઠા ટીમ દ્વારા તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલી આકસ્મિક તપાસમાં નીચે મુજબની ગંભીર ક્ષતિઓ અને ગેરરીતિઓ જણાઈ હતી જેમાં. ભૌતિક તપાસ દરમિયાન ઘઉંમાં ૯૮૦.૬૬૬ કિ.ગ્રા, ચોખામાં ૨૦૫૩.૨૮૦ કિ.ગ્રા અને ખાંડમાં ૧૯૯.૪૩૫ કિ.ગ્રા. ની ઘ માલૂમ પડી હતી. દુકાન પર ભાવ અને જથ્થાનું બોર્ડ પ્રસિદ્ધ ન કરવું, અનાજના નમૂના ન રાખવા, NFSA રેશનકાર્ડની યાદી પ્રદર્શિત ન કરવી તેમજ ફરિયાદ પેટી ન રાખવા જેવી ગંભીર બેદરકારીઓ જોવા મળી હતી. કાર્ડધારકોને કૂપન ન આપી, મળવાપાત્ર જથ્થાની માહિતી છુપાવી લાભાર્થીઓના હિતોને નુકસાન પહોંચાડવામાં આવતું હતું. આ ગેરરીતિ બાબતે સંચાલક નરેશભાઈ નગીનભાઈ પરમારને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી. જોકે, જિલ્લા પુરવઠા કચેરી સમક્ષ તેઓ કોઈ યોગ્ય ખુલાસો કે પુરાવા રજૂ કરી શક્યા ન હતા. પરવાનાની શરતોનો ભંગ સ્પષ્ટપણે પુરવાર થતાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા કાયમી પરવાનો રદ કરવાનો અને દંડ વસૂલવાનો આદેશ કર્યો છે.

જિલ્લા પુરવઠા કચેરી દ્વારા વ્યાજબી ભાવની દુકાનો પર સતત અને સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે. જિલ્લામાં અનાજ માફિયાઓ પર લગામ કસવા અને સામાન્ય જનતાના હિતોનું રક્ષણ કરવા માટે આગામી સમયમાં પણ આવા જ કડક પગલાં લેવાનું ચાલુ રહેશે તેવું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

### પોલીસ તંત્ર સામે ગંભીર સવાલો !

## પીપલોદથી દે.બારિયા વચ્ચે ટ્રાફિક પોલીસ હોવા છતાં ઓવરલોડિંગ



(પ્રતિનિધિ) દાહોદ તા.15 દાહોદ જિલ્લાના પીપલોદ થી દેવગઢબારિયા વચ્ચે ભર ઉનાળામાં મુસાફરોના જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં થતી પરિસ્થિતિ સામે આવી રહી છે. નાના બાળકો સહિત મુસાફરોને ઈકો ગાડીઓ, થ્રી-વ્હીલ છગડા, તુફાન જેવી પ્રાઈવેટ પેસેન્જર ગાડીઓમાં ક્ષમતા કરતાં વધુ ભરવામાં આવી રહ્યા છે. ઘણી ગાડીઓમાં દરવાજા ખુલ્લા રાખીને મુસાફરી કરાવવામાં આવે છે તો કેટલાક વાહનોમાં લોકોને ગાડીની છત ઉપર બેસાડીને જોખમી રીતે પ્રવાસ કરાવવામાં આવતો હોવાનું નજરે ચડી રહ્યું છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે અનેક વાહનચાલકો પાસે માન્ય લાયસન્સ છે કે નહીં, વાહનોના વીમા છે કે નહીં અને સલામતીના નિયમોનું પાલન થાય છે કે નહીં તે બાબતે પણ ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. સૌથી મોટો સવાલ એ છે કે પીપલોદ થી દેવગઢબારિયા વચ્ચે ત્રણથી ચાર જગ્યાઓ ઉપર સીઆરપી જવાનો, જિલ્લા ટ્રાફિક પોલીસ, પીપલોદ ટ્રાફિક પોલીસ અને દેવગઢબારિયા ટ્રાફિક પોલીસ સતત હાજર રહેતી હોવાની ચર્ચા વચ્ચે પણ આવા ઓવરલોડ અને જોખમી વાહનો સામે કાર્યવાહી કેમ થતી નથી ? લોકોમાં હવે ચર્ચા ઉઠી રહી છે કે શું આ સમગ્ર મામલો તંત્રની ગોળ બેદરકારી ગણાય કે પછી કોઈ મિલીભગતના કારણે આવા વાહનચાલકોને છૂટછાટ આપવામાં આવી રહી છે ? રોડ ઉપર પોલીસ હાજર હોવા છતાં વાહનચાલકોમાં કાયદાનો કોઈ ખોફ ન હોવો અનેક પ્રશ્નો ઉભા કરી રહ્યો છે. લોકોમાં એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે શું આવા પ્રાઈવેટ વાહનો પાસેથી હપ્તા ઉઘરાણી થતી હશે કે જેના કારણે નિયમોના ખુલ્લેઆમ ભંગ છતાં કાર્યવાહી થતી નથી ? આ સમગ્ર સ્થિતિને લઈને હવે પ્રજામાં પોલીસ તંત્ર પ્રત્યે વિશ્વાસ અંગે સવાલો ઉભા થયા છે.

## કાલોલ પંથકમાં યુવાને ફાંસો ખાધો યુવતીએ દવા પીધી

કાલોલઃ ભાદરોલી ખુર્દ ગામના રાઠવા ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય યુવાન અલ્પેશભાઈ ચીમનભાઈ નાયકે તા. ૧૪ મેના રોજ સવારના સમયે ગામમાં આવેલ બાગાયત કેન્દ્રમાં ઝાડ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જ્યારે બીજા બનાવમાં, કાતોલ ગામની દેવપુરા ફળિયાની ૨૫ વર્ષીય યુવતી પાયલબેન અશ્વિનભાઈ વણકરે ગત તા. ૧૩ મેના રોજ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. તેમને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. કાલોલ પોલીસે આ મામલે એફ.એસ.એલ.ની મદદ લઈ તપાસ શરૂ કરી છે.

### સુખસરના પંચાલ ફળીયા પાસે માત્ર કાંકરા પાથરી સંતોષ માનવામાં આવી રહ્યા છે !

## રાજ્યમંત્રીના મત વિસ્તારમાં જાહેરમાર્ગો પર વૈકલ્પિક પુરાણ, અકસ્માતની રાહ જોતુ તંત્ર!



( પ્રતિનિધિ ) સુખસર,તા.15 રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવીન રસ્તાઓ તથા રસ્તાના રીપેરીંગ કામ માટે સરકાર દ્વારા વર્ષે લાખો કરોડો રૂપિયાનો ખર્ચ ફાળવવામાં આવે છે.તેમ છતાં રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાના મત વિસ્તાર સુખસર તાલુકામાં કેટલાક જાહેર માર્ગો ખખડધજ હાલતમાં જોવા મળે છે.અને જેમાં ખાસ કરીને જે રસ્તાઓ ઉપર ચોવીસ કલાક વાહનોની અવર-જવર હોય તેવા રસ્તાઓ ઉપર ખાડા પડી જતા વાહન ચાલકો સહિત મુસાફર જનતાને મોટી મુશ્કેલી ઊભી થાય છે. અને તેવી બાબતો માટે પ્રજા દ્વારા જાહેર રજૂઆતો પણ કરવામાં આવતી હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કામગીરી નહીં કરી સબ ચલતા હૈ ની નીતિ અપનાવી આંખ આડા કાન કરવામાં આવતા તંત્ર જાણે મોટી જાનહાનિની રાહ જોતું હોય તેવી સ્થિતિ સુખસરમાં ઝાલોદ જતા હાઈવે માર્ગ સુકી નદીના પુલ પાસે તથા આફવા જતા માર્ગ ઉપર પંચાલ ફળીયા ખાતે જોવા મળી રહી છે.

જાણવા મળેલી વિગતો મુજબ સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે આફવા રોડ ઉપર છેલ્લા એક વર્ષથી પંચાલ ફળિયાથી પસાર થતા માર્ગ ઉપર ખાડા પડી જતા પાણીનો ભરાવો થાય છે.અને જેમાં કેટલાક ટુ-વ્હીલર વાહનો સ્લીપ ખાતા વાહન ચાલકો શારીરિક ઈજાઓના શિકાર બની રહ્યા હતા. ત્યારે વાહન ચાલકો સહિત સ્થાનિકો દ્વારા દૈનિક સમાચાર પત્રોના માધ્યમથી રજૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદ લાગતા-વળગતા વહીવટી તંત્ર દ્વારા આ રસ્તાની રીપેરીંગ કામગીરી કરવાના બદલે માત્ર કાંકરા નાખી રસ્તો રીપેરીંગ થઈ ગયો હોવાનો સંતોષ માનવામાં આવ્યો હતો.ત્યારબાદ અહીંયાથી ભારદારી વાહનો પસાર થતાં કાકરાઓ ખસી જતા ફરીથી ખાડા પડી ગયા છે.જોકે આ રસ્તાઓ સુખસરથી આફવા તરફ જાય છે અને આ રસ્તા ઉપર નીકળતા ટુ વ્હીલર વાહનો પસાર કરવા મુશ્કેલ પડે છે. તેમજ રાહદારીઓને પસાર થવું પણ મુશ્કેલી ભર્યું થઈ ગયું છે.જોકે આ રસ્તા ઉપર પાણીનો ભરાવો થતા વાહન ચાલકોને ખાડા નજરે નહીં પડતા ખાસ કરીને મુસાફરો વહન કરતા થ્રી- ફોર વ્હીલર વાહનો ખાડા ઓના લીધે પલટી ખાવાની પણ શક્યતા જણાય છે.અને જેના લીધે મોટી જાનહાનિ થવાનો ભય પણ નકારી શકાય તેમ નથી.ત્યારે સુખસરના પંચાલ ફળિયા થી પસાર થતા માર્ગમાં પડેલા ખાડાઓની ડામરથી રીપેરીંગ કામગીરી કરી રસ્તાને સુધારવામાં આવે તેવી વાહન ચાલકો સહિત સ્થાનિકોની ઉગ્ર માંગ ઉઠવા પામેલ છે.